/૨

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ક્રમાંકઃ જજઅ/૧૦/૨૦૧૬/૭૬૯૪૯૩/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૪/૦૭/૨૦૨૦.

## જાહેરનામુ

રાજ્યમાં ધ જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ના અમલીકરણ માટે કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળા બાળકોના ન્યાયિક નિર્ણય માટે ઉક્ત એક્ટની કલમ-૨૭(૧) મુજબ રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લાઓમાં બાળ કલ્યાણ સમિતિની રચના કરવાની જોગવાઇ છે. આ સમિતિમાં એક ચેરપર્સન તથા ચાર સભ્યોની નિમણૂંક કરવમાં આવે છે. એક્ટની કલમ-૨૭(૬) મુજબ બાળ કલ્યાણ સમિતિની મુદત આ સમિતિની નિમણૂંક થયાથી ત્રણ વર્ષ સુધીની હોય છે.

રાજ્ય સરકાર દ્વારા તા.૨૭/03/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંકઃ જજઅ/૧૦/૨૦૧૭/૭૬૯૪૯૩/છ થી અમદાવાદ, આણંદ, વડોદરા, બનાસકાંઠા, ગાંધીનગર, પાટણ, સુરત, જુનાગઢ, સાબરકાંઠા, નર્મદા, ભાવનગર અને અમરેલી એમ કુલ-૧૨ જિલ્લાઓ માટેની બાળ કલ્યાણ સમિતિમાં ચેરપર્સન અને સભ્યોની નિમણૂંક કરવામાં આવેલ. આ સમિતિની મુદત તા.૨૬/03/૨૦૨૦ના રોજ પૂર્ણ થતાં વિભાગ દ્વારા કોરોના વાઈરસની સ્થિતિને ધ્યાનમાં રાખી તા.૨૮/03/૨૦૨૦ના જાહેરનામાથી ઉક્ત જિલ્લાઓ માટે બાળ કલ્યાણ સમિતિની મુદત તા.3૧/૦૫/૨૦૨૦ સુધી લંબાવીને યથાવત રાખવામાં આવેલ. આ મુદત તા.3૧/૦૫/૨૦૨૦ના રોજ પૂર્ણ થયેલ છે.

હાલમાં કોરાના વાઈરસના કારણે ઉક્ત જિલ્લાઓની બાળ કલ્યાણ સમિતિમાં ચેરપર્સન અને સભ્યોની નિમણૂંકની પ્રક્રિયા રાહ હેઠળ છે. જેથી બાળકોના શ્રેષ્ઠહિતને ધ્યાનમાં લઈ ઉક્ત ૧૨(બાર) જિલ્લાઓ માટેની બાળ કલ્યાણ સમિતિમાં નિમણૂંક પામેલા ચેરપર્સન અને સભ્યોની મુદત ખાસ કિસામાં તા.3૧/૧૨/૨૦૨૦ સુધી લંબાવીને યથાવત રાખવા નિર્ણય કરવામાં આવે છે. આ સમિતિ નિયમાનુસાર કાર્યવાહી કરશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્માંકની ફાઇલ પર સરકારશ્રીના તા.૨૪/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ બાદ રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. વી. દેસાઈ)
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.*
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વે, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રીઓ (મારફતઃ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગર).
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ/ જિલ્લ પોલીસ અધિકારીશ્રીઓ.
- મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- કમિશ્નરશ્રી, વિકલાંગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લૉક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લૉક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંબંધિત તમામ જિલ્લાઓની બાળ કલ્યાણ સમિતિઓના ચેરપર્સન/સભ્યો. (મારફતઃ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગર)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.

* **પત્ર દ્વારા**.